# સુરત મહાનગરપાલિકા

# ૨૪x૭/સતત પાણી પુરવઠા યોજના

**૨૪×૭/સતત પાણી પુરવઠા યોજના પાણી પુરવઠાનું નવું/ ટ્રાન્સફર/મફત નળ જોડાણ વોટરમીટર થકી આપવાની અરજી.**

**એન.સી.નં.ટી.સી.નં.................**
**તારીખ:................................**

**વેરા બીલ મુજબનો**
**ટેનામેન્ટ નંબર:–....................................** **કનેકશન નંબર :–............................**
**વોટર કોડ નંબર :–..........................**

**પ્રતિ,**
**કાર્યપાલક ઈજનેરશ્રી,**
**હાઈડ્રોલિક /..............ઝોન,**
**સુરત મહાનગરપાલિકા, સુરત.**

(૧) હું નીચે સહી કરનાર............................................................................................... રહેવાસી..........................................................................ની અરજી કે નીચે જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં મારી મિલકત આવેલી છે. અને તેમા મારે...........મી.મી./ ........ઈંચનું નળ જોડાણ જોઈએ છે તે આપવા વિનંતી.

(૨) મજકુર કનેકશન મારે સુરત મહાનગરપાલિકાના ૨૪×૭/સતત પાણી પુરવઠા યોજના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર પાસે મહાનગરપાલિકાના અધિકૃત પ્રતિનિધિની દેખરેખ હેઠળ મહાનગરપાલિકાની પાઈપ લાઈનથી મારી મિલકતની હદ સુધી મીટરથી નીચે જણાવેલ હેતું માટે જોઈએ છે. આ માટે જે ખર્ચ થશે તે મહાનગરપાલિકામાં હું જમા કરાવવા સંમત છું. મારી મિલકતનાં નિયત છેડા સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા નળ જોડાણ આપવામાં આવશે. ત્યારબાદ હું મારા પોતાના ખર્ચે, પોતાની રીતે મારી જરૂરીયાત મુજબનું નળ જોડાણ લંબાવવાની કામગીરી કરાવી લઈશ.

(અ) વોર્ડ નં. (ટી.પી. સ્કીમ નં..............)

(બ) નોંધ નં. (ફા.પ્લોટ નં...........રે.સ.નં..............)

(ક) કનેકશન લેવાના સ્થળનું પુરુ સરનામુ :

(ડ) કનેકશનની સાઈઝ મી.મી./ ઈંચ :

(ઈ) હેતુ(✓) નિશાની કરવી : (૧) ઘર વપરાશ માટે ( )(૨) બાંધકામ માટે ( )(૩) વાણિજય હેતુ માટે ( )
(૪) ઔદ્યોગિક હેતુ માટે ( ) (૫) અન્ય હેતુ માટે ( )

(૩) આ નળ જોડાણ સંબંધમાં સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખતના નિતિ–નિયમો નકકી કરવામાં આવશે તે નિયમો અનુસરવા અને પાણીના કર/દરની રકમ જે તે વખતે ભરવાની ઠરાવેલ હશે તે રકમ હું ભરવા બાંહેધરી આપુ છું તથા નળ જોડાણ સંબંધમાં વખતો વખત તપાસ કરવા માટે સુરત મહાનગરપાલિકાના અધિકૃત કર્મચારી/એજન્સીના સંબધિત ચકાસણી કરવા માટે આવશે ત્યારે તેમને વગર હરકતે ચકાસણી આપવાની રહેશે. નળજોડાણ વોટર મીટર બીલના તથા પાણી વપરાશના નાણાં/રકમો ભરવામાં હું નિષ્ફળ જઈશ તો સુરત મહાનગરપાલિકા નિતીનિયમો મુજબ નળજોડાણ રદ કરવા અંગે કાર્યવાહી કરી શકશે. જેની હું નોંધ લઉ છું.

(૪) આ નળ જોડાણમાં જો કોઈ પાછળથી ફેરફાર કરવાના હશે તો તે સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી લઈને ૨૪×૭/સતત પાણી પુરવઠા યોજના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર સંલગ્ન સુરત મહાનગરપાલિકા એપ્રુવ્ડ લાયસન્સ પ્લમ્બર પાસે જ કરાવીશ.

(૫) સદરહું મિલકત ..............
(અ) અમારી પોતાની માલિકીની છે.
(બ) ધર્માદા છે. ટ્રસ્ટી મેનેજર છું.
(ક) ...................................ની માલિકીની છે. અને તેમા ભાડુઆત તરીકે રહુ છું અને તેના નિયમ મુજબ એ ઘરના માલિકની કબુલાત જોઈએ અને નીચે ટાંકેલી છે.

(૬) સદર હું નળજોડાણ માત્ર ..............ના ઉપયોગ માટે જોઈએ છે અને તે સીવાય બીજા કોઈ પ્રકારનો ઉપયોગ કરીશ નહી.

(૭) બાંધકામ માટે કનેકશન જોઈતું હોય તો નીચેની વિગત ભરવી.
બાંધકામ/ રીપેરીંગ માટે રજા ચિઠ્ઠી નં.......................તા...............થી મળી છે.

(૮) મારા સદર હું મિલકતનું વપરાશનું પાણી હાલમાં ........................માં જાય છે.

(૯) સીધાવેરા ખાતામાંથી મિલકતનાં માલિક/ ભાડુત ટ્રસ્ટી ઈમ્લેદાર હોવા બાબતનું અને આકારણીના વેરા ભરપાઈ અંગેનું પ્રમાણપત્ર રજુ કરું છું.

(૧૦) સદર મિલકતમાં ભાડુત તરીકે રહુ છું જેથી ભાડા કરાર અથવા તો વેરા દફતરે ભાડુઆત તરીકે થયેલ નોંધણી પ્રમાણિત/ સ્વપ્રમાણિત નકલ સામેલ છે.

(૧૧) સુરત મહાનગરપાલિકાના જે તે ઝોનમાં સદર મિલકતના છેલ્લામાં છેલ્લા વર્ષનો વેરો/ માંગણા બીલ તથા તે ભરપાઈ કરેલ નાણાની રસીદની સ્વપ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

(૧૨) અરજદારની ઓળખનાં પુરાવા માટે નીચે દર્શાવેલ કોઈ એક નકલ સામેલ કરવી.
(અ) વોટીંગ કાર્ડ, (બ) ડ્રાઈવીંગ લાયસન્સ,(ક) પાસપોર્ટ,(ડ) પાન કાર્ડ, (ઈ) આધાર કાર્ડ

(૧૩) એપાર્ટમેન્ટ હોય તો તમામ ફલેટના નંબર, નામ તથા ટેનામેન્ટ સાથેનું લીસ્ટ રજુ કરવું.

(૧૪) આથી હું ખાતરી આપુ છું કે મારી આ મિલકત ઉપર સોસાયટી કે કોઈપણ સરકારી ડ્રાફટ કે ટાઉન પ્લાનમાં રીઝર્વેશન મુકવામાં આવેલ નથી. આમ છતાં જો ભવિષ્યમાં ઉપર મુજબનું કોઈ રીઝર્વેશન સાબિત થશે તો મારૂ નળ જોડાણ રદ કરવા હું સંમત છું.

(૧૫) આથી હું ખાતરી આપુ છું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ મારી મિલકતની નિયત હદ સુધીના નળ જોડાણ બાદ બાકી રહેતુ નળ જોડાણ/ પ્લમ્બર કામ લાયસન્સ પ્લમ્બર મારફત કરાવી લઈશ અને જો તેમા કોઈ ફેરફાર થશે તો, તેની જાણ સુરત મહાનગરપાલિકામાં કરીશ. નળજોડાણ સંલગ્ન વોટર મીટરથી અપાતા પાણી સંગ્રહ માટે જરૂરીયાત મુજબની ક્ષમતાની ભુર્ગભટાંકી બનાવવાની રહે છે જેની મને જાણ છે જે મુજબની કામગીરી મારે કરવાની રહે છે.

(૧૬) સુરત મહાનગરપાલિકાની મુખ્ય પાણીની નળીકાથી વોટર મીટર સુધીનું નળ જોડાણ જે મહાનગરપાલિકા તરફથી કરવામાં આવશે તેનુ ભવિષ્યમાં મેઈન્ટેનન્સ પણ મહાનગરપાલિકા ધ્વારા કરવાનું હોવાથી, આ કનેકશન કે વોટરમીટર સાથે હું ચેડા કરીશ નહી અને વખતો વખત કનેકશન મેઈન્ટેન્સ પેટે મહાનગરપાલિકા ધ્વારા નકકી કરેલ દરે હું મેઈન્ટેન્સ ખર્ચ આપવા આથી બંધાઉ છું.

(૧૭) ઉપર જણાવેલ તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે. ભવિષ્યમાં જો આ વિગતો ખોટી જણાય તો મારું નળજોડાણ સુરત મહાનગરપાલિકા ધ્વારા રદ કરવામાં આવશે. તેની સામે હું કોઈપણ જાતનો વાંધો લઈશ નહી. જેથી હું આથી લેખિત બાંહેધરી આપું છું.

(૧૮) સદરહું માત્ર નળજોડાણ મંજુર થયેથી મારી મિલ્કતના બાંધકામની કાયદેસરતા સ્થાપિત થતી નથી. તેમજ સદરહુ નળજોડાણ વેરાબીલમાં દર્શાવેલ માહિતીના આધારે આપવામાં આવે છે. જે વેરાબીલ સંબંધિત અન્ય કોઈ પણ બાબત નળજોડાણની કાર્યવાહી સાથે સંકળાયેલ નથી. જેની હું નોંધ લઉ છું.

(૧૯) સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર થયેલ નળ જોડાણ માટે પાઠવેલ અંદાજીત ખર્ચના નાણા સુરત મહાનગરપાલિકાના કોઈપણ સીવીક સેન્ટર ખાતે ભરી શકાશે. અંદાજીત ખર્ચના નાણાં સીવાય અન્ય કોઈપણ નાણાં ૨૪×૭/સતત પાણી પુરવઠા યોજના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરને આપવાના રહેતા નથી.

(૨૦) સુરત મહાનગરપાલિકા માસિક સધારણ સભાના ઠરાવથી મંજુર ટેન્ડરની શરતો મુજબ જે તે વિસ્તારના પાણી પુરવઠા પ્રોજેકટ માટે નકકી થયેલ ૨૪×૭/સતત પાણી પુરવઠા યોજના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર દ્રારા નળજોડાણની કામગીરી હાથ ધરવામાં આવશે. તેમજ ઈજારદાર ધ્વારા સદરહુ કામગીરી સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૧૬૩૭/૨૦૧૩, તા.૨૨–૧૧–૨૦૧૩ થી મંજુર ઠરાવની નીતિઓ મુજબ હાથ ધરવામાં આવશે.

(૨૧) નળજોડાણ માટે મિલકતદારોએ ભરેલ નાણાંની વધ–ઘટ વોટર મીટરનાં બીલમાં સરભર કરવામાં આવશે. જે માટે આથી હું સંમતિ આપું છું.

સુરત. તા......................           સહી ..............................................

(માલિક/કબ્જેદાર)

**બિડાણ :–**
(૧) અરજદારનું માંગણા બીલ તથા છેલ્લા વર્ષના વેરાબીલ ભર્યાની રસીદ.
(૨) ડ્રેનેજ જોડાણના પુરાવા.
(૩) ઓળખના પુરાવા.
(૪) બી.યુ.સી./એન.ઓ.સી.સર્ટીફીકેટ.
(૫) બાંધકામની રજા ચિઠ્ઠી.

**–:બાંહેધરી પત્રક :–**

**નળજોડાણ આપવા માટે નીચે મુજબના નિયમો(સંક્ષિપ્ત) મહાનગરપાલિકામાં હાલમાં અમલમાં છે.**

(૧) તા. ૦૧/૦૨/૧૯૮૦ સુધીના સમયગાળા સુધીના તમામ બાંધકામવાળી અને આકારણી દફતરે નોંધાયેલ મિલકતમાં BUC કે પ્રિમિયમ વસુલકર્યા વગર નળજોડાણ આપવામાં આવશે.

(૨) તા.૦૧/૦૨/૧૯૮૦ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીની આકારણી દફતરે નોંધાયેલ રહેણાંક મિલકતમાં BUC વગરના સામાન્ય સભા ઠરાવ નં ૧૫૬/૨૦૨૪ તા ૨૫/૦૪/૨૦૨૪ માં દર્શાવેલ જોગવાઈ અનુસાર નળ જોડાણો મેળવવાના રહે છે. જેમાં જણાવ્યા અનુસાર સામાન્ય સભા ઠરાવનં ૨૫૭/૨૦૦૫ તા. ૨૯/૦૩/૨૦૦૫ મુજબ પ્રિમિયમની રકમ વસુલ કરી નળજોડાણ આપવામાં આવશે.જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | બાંધકામના વિસ્તાર | પ્રિમિયમની રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૧ ચો.મી. થી ૪૦ ચો.મી. | ૧,૦૦૦/– |
| ૨ | ૪૧ ચો.મી. થી ૬૦ ચો.મી. | ૨,૦૦૦/– |
| ૩ | ૬૧ ચો.મી. થી ૮૦ ચો.મી. | ૩,૦૦૦/– |
| ૪ | ૮૧ ચો.મી. થી ૧૦૦ ચો.મી. | ૪,૦૦૦/– |
| ૫ | ૧૦૦ ચો.મી. થી વધુ | ૫,૦૦૦/– |

(૩) તા.૦૧–૦૧–૨૦૨૪ તથા ત્યારબાદની તમામ બાંધકામવાળી અને આકારણી દફતરે નોંધાયેલ મિલકતમાં BUC રજૂ કર્યાથી નળજોડાણ આપવામાં આવશે. આ નળજોડાણ સંબંધમાં સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત જે–જે નીતિ–નિયમો નકકી કરવામાં આવશે તેનુ પાલન કરવા આથી બંધાઉ છું.

(૪) હયાત નળ જોડાણના કાયદેસરના પુરાવા રજુ કરનાર અરજદારને જ ટ્રાન્સફર કનેકશન આપવામાં આવશે જેની નોંધ લઈ ટ્રાન્સફર કનેકશન બાબતે નીતિ નિયમો મુજબ કાર્યવાહી હાથ ધરવા તથા ટ્રાન્સફર ફી ભરપાઈ કરવા સંમત છું.

(૫) સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૦૨/૨૦૧૮, તા.૨૯/૦૧/૨૦૧૮ થી નળ જોડાણ માટે શહેર વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૧૮ થી નીચે મુજબ મંજુર કરેલ કનેકશન દર ઠરાવ્યા મુજબના ચાર્જ વસુલવામાં આવશે

| અ.નં. | જોડાણની વિગત | ઘર વપરાશ માટે રૂા. | બિન રહેઠાણ/કોમર્શીયલ/ઔધોગિક મિલકતમાં વપરાશના હેતુ માટે તેમજ શહેર બહારના રહેઠાણના ઘરવપરાશના હેતુ માટે રૂા. | વેપારના હેતુ માટે વોટર બેઈઝડ ઈન્ડસ્ટ્રીયલ માટે રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ૧/૨ " વ્યાસ | ૪૦૦/– | ૬૦૦/– | ૧,૨૦૦/– |
| ૨. | ૧ " વ્યાસ | ૮૦૦/– | ૧,૨૦૦/– | ૨,૪૦૦/– |
| ૩. | ૧ ૧/૨ " વ્યાસ | ૧,૬૦૦/– | ૨,૪૦૦/– | ૪,૮૦૦/– |
| ૪. | ૨ " વ્યાસ | ૩,૨૦૦/– | ૪,૮૦૦/– | ૯,૬૦૦/– |

તેમજ ઘર વપરાશના ગેરકાયદેસર નળ જોડાણ ધરાવનારાઓ પણ પાણીનો વપરાશ કરતા હોય તેવા કિસ્સામાં કુટુંબદીઠ વોટર ચાર્જ પણ વસુલ કરવાનો રહે છે. પરંતુ ગેરકાયદેસર નળ જોડાણ કયારે કરાવ્યા તેની કોઈ માહિતી કે કોઈ પુરાવા મળતા નથી તેથી જે તે સમયે જે વોટરચાર્જ અમલમાં હોય તેના ૪ (ચાર) ગણા વોટરચાર્જ કુટુંબદીઠ વસુલ કરવો તેમજ નીચે મુદ્દા નં. (૬) માં દર્શાવેલ દંડની રકમ પણ જે તે સાઈઝ મુજબ વસુલવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૦૨/૨૦૧૮, તા.૨૯–૦૧–૨૦૧૮ થી ગેરકાયદેસર નળ કનેકશન માટે શહેર વિસ્તારમાં તા.૦૧–૦૪–૨૦૧૮ થી નીચે મુજબ મંજુર કરેલ નળ જોડાણ માટેના દંડની રકમ ઠરાવ્યા મુજબ ચાર્જ વસુલવામાં આવશે.

| અ.નં. | નળ જોડાણની સાઈઝ | ઘરવપરાશના નળજોડાણ માટે દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | ૧/૨ " વ્યાસ | ૫,૦૦૦/– |
| ૨. | ૧ " વ્યાસ | ૨૦,૦૦૦/– |
| ૩. | ૧ ૧/૨ " વ્યાસ | ૪૦,૦૦૦/– |
| ૪. | ૨ " વ્યાસ | ૮૦,૦૦૦/– |

ઔધોગિક એકમો સહિત તમામ બીન રહેણાંક હેતુ માટે ગેરકાયદેસર નળ જોડાણ જણાયે તે કાપી નાંખ્યા બાદ આ જોડાણને નિયમબધ્ધ કરવા માટે માંગણી કરવામાં આવે ત્યારે ગેરકાયદેસર નળ જોડાણ ઉપર પાણીનો વોટર ચાર્જ વસુલ કરવા માટે ઉપર ટેબલમાં જણાવેલ સાઈઝ મુજબ તેની સામે જણાવેલ રકમની ૪ (ચાર) ગણી રકમ વોટર ચાર્જ તરીકે વસુલ કરવાની રહેશે તેમજ ઉપર જણાવેલ દંડની રકમ પણ વસુલ કરવામાં આવશે.

(૭) ટી.પી. રસ્તા પર નાંખવામાં આવેલ પાઈપલાઈનમાંથી નળજોડાણ આપવાનાં કિસ્સામાં સામાન્ય સભા ઠરાવનં ૫૨/૨૦૨૧ તા. ૨૪/૦૫/૨૦૨૧ માં નકકી થયા મુજબ નળ જોડાણની સાઈઝ વાઈઝ નીચે જણાવેલ મુજબની રકમ વસુલ કરી નળજોડાણ આપવામાં આવશે.

| અ.નં. | નળ જોડાણની સાઈઝ | રૂા. |
|---|---|---|
| ૧. | ૧/૨ " વ્યાસ | ૨,૫૦૦/– |
| ૨. | ૧ " વ્યાસ | ૩,૦૦૦/– |
| ૩. | ૧ ૧/૨ " વ્યાસ | ૪,૦૦૦/– |
| ૪. | ૨ " વ્યાસ | ૫,૦૦૦/– |

(૮) ઔધોગિક વસાહતમાં જી.આઈ.ડી.સી. ના વોટર બેઈઝડ ઔધોગિક એકમો (પ્રોસેસીંગ, ડાઈંગ, પ્રિન્ટીંગ, કેમીકલ યુનીટો) તથા નોન વોટર બેઈઝડ ઔધોગિક એકમો (ફેકટરી, ઈન્ડસ્ટ્રીઝ) અને અન્ય કોમર્શિયલ (દુકાનો, ઓફિસો, રેસ્ટોરન્ટ, બેંકો, પોષ્ટ ઓફિસ) વિગેરેને સુરત મહાનગરપાલિકાના પાણીના નેટવર્ક થકી સુવિધા પુરી પાડવા માટે નવા / વધારાના/નળ જોડાણની સાઈઝમાં વધારો કરવા માંગતા આવા એકમોની અરજીઓ મંજુર કરવા અન્વયે જે ઔધોગિક એકમો સને ૧૯૮૦ પહેલાના જુના બાંધકામના કિસ્સામાં મૂળભૂત સાધનિક પુરાવાઓ રજુ ન કરી શકતા અને સને ૧૯૮૦ બાદના બાંધકામ ના કિસ્સામાં બી.યુ.સી રજુ ન કરી શકે તેવા એકમોએ નીચે પરિશિષ્ટ–૧ તથા પરિશિષ્ટ–૨ માં જણાવેલ વિગતોના એક વખતના ઉચ્ચક પ્રિમિયમ વસુલ લઈ સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નીતિનિયમો અનુસાર જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી નળ જોડાણ મંજુર કરવામાં આવશે.

**વોટર બેઈઝડ ઔધોગિક એકમો :– પરિશિષ્ટ–૧**

| અ.નં. | નળ જોડાણની સાઈઝ | રૂા. |
|---|---|---|
| ૧. | ૫૦૦ ચો.મી. સુધી | ૧,૦૦,૦૦૦/– |
| ૨. | ૫૦૦ ચો.મી. થી વધુ અને ૧૦૦૦ ચો.મી. સુધી | ૧,૫૦,૦૦૦/– |
| ૩. | ૧૦૦૦ ચો.મી. થી વધુ અને ૩૦૦૦ ચો.મી. સુધી | ૨,૦૦,૦૦૦/– |
| ૪. | ૩૦૦૦ ચો.મી. થી વધુ અને ૫૦૦૦ ચો.મી. સુધી | ૨,૫૦,૦૦૦/– |
| ૫. | ૫૦૦૦ ચો.મી. થી વધુ અને ૭૦૦૦ ચો.મી. સુધી | ૩,૦૦,૦૦૦/– |
| ૬. | ૭૦૦૦ ચો.મી. થી વધુ | ૩,૫૦,૦૦૦/– |

આવા ઔધોગિક એકમોએ ઉપરોકત જણાવેલ એક વખતના પ્રિમિયમ ચાર્જીસ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નીતિ નિયમોનુસાર રૂા.૧૦,૦૦૦/– વત્તા રૂા.૪.૦૦ પ્રતિ ચો.ફુટ (બીલ્ટઅપ એરીયા) – ડી.સી. આર ના પ્રવર્તમાન નિયમોથી ગણતરીમાં લેવાનાર થતો ચાર્જ સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી અન્ય વહીવટી પ્રક્રિયાના અંતે અત્રેના પાણી નેટવર્કમાં પાણીના નળજોડાણ માટે મંજુરી આપવામાં આવશે.

## નોન વોટર બેઈઝડ ઔદ્યોગિક એકમો :– પરિશિષ્ટ–૨

| અ.નં. | ઔદ્યોગિક એકમનો પ્રકાર | નોન વોટર, બેઈઝડ આઉદ્યોગિક એકમો (ફેકટરી, ઈન્ડસ્ટ્રીઝ, એન્જીનીયરીંગ, વીવીંગ, ઓફીસ, દુકાનો) માટે લેવાની ઉચ્ચક પ્રિમિયમન રકમ |
|---|---|---|
| ૧. | નોન વોટર, બેઈઝડ ઔદ્યોગિક એકમો (ફેકટરી અને ઈન્ડસ્ટ્રીઝ) કનેકશન દીઠ | રૂા.૪,૦૦૦/– પ્રતિ કનેકશન |
| ૨. | દુકાન ઓફીસ (કોમર્શિયલ)કનેકશન દીઠ | રૂા.૪,૦૦૦/– પ્રતિ કનેકશન |

આવા ઔદ્યોગિક એકમોએ ઉપરોકત જણાવેલ એક વખતના પ્રિમિયમ ચાર્જીસ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિતિ નિયમોનુસાર ઔદ્યોગિક એકમના પ્રકાર મુજબ રૂા.૪,૦૦૦/– પ્રતિ પાણીના કનેકશન સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવામાં આવશે.

(૯) નળ જોડાણ વોટર મીટર સંલગ્ન સુરત મહાનગરપાલિકાના વખતો વખતના ઠરાવો અને જોગવાઈઓનુ પાલન કરવા માટે હું સહમત છું અને તે મુજબ સુરત મહાનગરપાલિકાના નીતિ નિયમો આનુસાંગિક જો કોઈ કાર્યવાહી કરે તો તે બાબતે સહકાર આપવા હું ખાતરી આપુ છું.

(૧૦) " જળ એ જ જીવન", "જળ છે તો જીવન છે. વર્તમાનમાં આપ પાણીને બચાવશો તો ભવિષ્યમાં પાણી આપણને બચાવશે", "પાણીને વેડફાતું અટકાવવામાં સહભાગી બની આવનાર પેઢીને મદદરૂપ થઈએ" અન્વયે પાણી વેડફાતું અટકાવીશ અને પાણી બચાવવામાં સહભાગીદાર બનીશ. પાણી વેડફવાના કિસ્સામાં સુરત મહાનગરપાલિકાના નીતિ નિયમો આનુસાંગિક જે કોઈ કાર્યવાહી કરે તો તે બાબતે સહકાર આપવા હું ખાતરી આપુ છું

ઉપરોકત નિયમોમાં ભવિષ્યમાં કોઈ ફેરફાર થાય તે અમોને બંધનકર્તા રહેશે.

મારી રૂબરૂ — અરજદારની સહી :– ....................................

:–.......................................... — કોન્ટેકટ નંબર :– .....................................

:–..........................................

પાણી પુરવઠાના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરના સહી સિકકા :-